૫૪૮૩

શ્રી રણછોડજી માહારાજ નો ગરબો.

નવા અદ્‌ભુત ચમત્કારનું આબેહુબ વર્ણન તથા છબી સાથે.

બનાવનાર બ્યાસ કાશીરામ દેવરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગંગારામ આત્મારામ પંડિત.

દોહરો

દ્વારિકાથી આવીઉભા, ગોમતિ તીર દયાળ;
કરે મહીં મીઠું કર્યું, લીંમ વૃક્ષનું ડાળ. ૧
છબી જુવો છબિલાતણી, મહીં રહ્યા જે ડાળ;
કડવો: સર્વે લીંમડો, ડાળું મીઠ રસાળ. ૨

સુરત.
ધી રાઈઝીંગ સ્ટાર" પ્રિન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૪૮ સને ૧૮૯૨.
કિમ્મત સવા આનો.

શ્રી રણછોડજી માહારાજ લીમડાનીચે ઉભાછે.



શ્રી રણછોડજી માહારાજનો ગરબો.

ચાલો સખી ચાચરરે જઈએ અરજી અંબે માને કહીએ. (એ રાગ)

સમરૂ સ્વામીરે સુંઢાળો, દુઃખડાં ભાગેરે દુંદાળો;
સારદ થાજોરે સહાયે, માહારી વાણી વ્યર્થ ન જાયે. સમ—ટેક
સુરજ ભુતળનોરે ભાળો, રસિયા રણછોડને નીહાળો;
ઠાકોર ડાકોરરે વાળો, દુઃખડાં ભાગણ દેવ દયાળો. સમ ૨
ભાવે ભકતીરે કરસે, તેના દુઃખ દયાળુ હરશે;
લજ્યા જાતિરે રાખે, વાણી વેદ પુરાણો ભાખે. સમ ૩
વિખ મીરાંનાંરે પીધાં, બદરી ફળ શરવરીનાં લીધાં,
નરસઇ મેહેતાનેરે નામે; કારજ કરીયાં ઠામોઠામે. સમ ૪
સુધનવાનેરે રાખ્યો; તેનીવેદ પુરાણે શાખ્યો,
હરીચંદ્રનેરે કાજે; આખરે આવ્યા મારાજ. સમ ૫
દાને ધારણરે દિધિ; રક્ષાવનમાં વેગેકીધી;
પ્રેહલાદ પાળ્યોરે પોતે; ધાયાધરણીધર સૌજોતે. સમ ૬
પટકુળ આપ્યાંરે મોરારી; મરતાંપંચાળી ઉગારી;
પાંડવ બળતાંરે બચાવ્યાં; વીઠલ વેગે વહારે આવ્યા. સમ ૭
બોડાણાનીરે કરણી, કીધી પાવન જેણેધરણી.
જુગત જાણુરે વાતો, મહિમા મુખેનથી વરણાતો. સમ ૮

ઠાકોર ડાકોરરે વાળો, રસિક રૂપીળો લટકાળો.
તેનીસેવારે સાચી, પળએક પ્રીત મળેનહીં કાચી. સમ ૯
દ્રવારામતીનોરે દાણી, તેને પ્રેમે બાંધ્યા તાંણી,
ડાકોરચ લાવીરે મુકયો, પ્રેગે પુર પોતાનું ચુકયો. સમ ૧૦
ડાકોર આવ્યારે દયાળુ, કીધુ ભુતળમાં અજવાળુ
ડાકોર વાળોરે કહાવ્યા, પ્રથ્વી પાવન કરવા આવ્યા. સમ ૧૧
ત્યાં રહી ભકતોરે ઉધ્ધારે, ભજતાં ભુધર ભવથી તારે;
સોનારણને શર્ણે લીધી, લુહારણ પોતાની કીધી. સમ. ૧૨
લાલા ભગતનેરે માટે, ગાડુ હાંકી લાવ્યા વાટે;
કણબી થઇનેરે કોડે, બંધન બહુ નામી બહુ તોડે. સમ ૧૩
તરકડી તરશોરે પોકારે પાણી પાણી વારે વારે;
આંખે આંધળિરે એક, તરસે જના બેઠો દેહ. સમ. ૧૪
કોઇએ હસવુ રે કીધું, પ્રભુનુ નામ બતાવી દીધું;
આ દરવાજેરે જાને, કહેજે રણછોડ પાણી પાને. સમ ૧૫
કહેતાં માંહીરે વાલે, ઝારી લીધી નંદને લાલે;
નીર્મળ પાણીરે દીધું, કારજ કંઇક જનોનુ કીધું. સમ ૧૬
વળી એક કણબીની કરણી, ભગતી ભાવ કહુ શું વરણી
ડાકોર નીત્યેરે જાવું, મુખડું જોઇ ભોજન ખાવું. સમ ૧૭
ખેતી વાડીરે તેહ, એક બળદેલાનો નેહ;
વેરો આવ્યોરે જેવારે, શીપાઇ મોકલીયા સરકારે સમ ૧૮

ભગ્ત રોકાયારે ઘરમાં, જીવજી ચોટયો નટનાંગરમાં.
પાઈ નવ પાસેરે કહાવે, સીપાઈ જપતી કેચમ ઉઠાવે. સમ ૧૯
ભુધર ભગતીરે જોઇ, કણબી થયા કળેશું કોઈ;
વેરા ભરિયોરે ભાવે, પોહોંચો લીધી મારે માવે; સમ ૨૦
જપતી ઉઠાડીરે તેરે, કારજ કર્યું દેવાધી દેવે;
જાણી પાટીદારે વાત, વેરા ભરી ગયા મુજ તાત. સમ ૨૧
વળિ એક વરણું રે ભાઈ, મુરખ નર માને નવાઈ.
હરિજન હેતેરે ગાશે, સુણતાં સર્વ શંકટ જાશે. સમ ૨૨
પુનમિયારે પૂરણ પ્રેમે, જાતા જાણીને નિજનેમે.
ભાદરવો ભરપુરજ વરસે, નીર નવાણે ઝાઝાં ભરસે સમ ૨૩
રાત્ય અંધારીરે ઘોર, જડે નહીં જાવા નોઠોર.
ભુલા પડિયારે વાટે, પ્રભુને મન થયો ઉચાટે. સમ ૨૪
ધાયા લેઇ ભીલનું રૂપ, પોતે આભવ કેરા ભુપ.
કુવે પડવા જેવા જાય, આવી હાથ હરી ત્યાં સાય સમ. ૨૫
એમ ન જાશોરે આજ, જાતાં વિપરિત થાશે કાજ.
ખાડિયું કુવાનું છે ત્યાંહે, પડી જાશો તેની માંહે. સમ ૨૬
કહીને લીધારે ત્યાંય, સૌને મુક્યા મારગ માય;
આલો હું તમ સાથે આવું, મારગ મન માન્યો બતલાવું. સમ ૨૭
એમ ઉગારયારે બારે, પગલે પગલે રાખણ હારે.
તેને સમરોરે નર નારી, ઉત્તમ માણુસનું તન ધારી. સમ ૨૮

વળી એક અદ્ભુતરે વાતે, જેહ કરીછે જગને તાતે.
સુણતાં શંકટરે ટળશે, મનડું મોહન સામું વળશે; સમ ૨૯
પ્રભુએ પડછારે આપ્યા, જનના દુઃખના દરિયા કાપ્યા;
ઓગણીસેં અડતાળી સાલે, લીલા કીધી દિન દયાળે; સમ ૩૦
બ્રાહ્મણ જાતીરે માંહી, રસિયે લીલા દાખી ત્યાંહી;
દરસન જઈનેરે દીધાં, ત્રણ કામ ત્રીકમે કીધાં; સમ ૩૧
કાશીરામ તણારે વહાલો, શંકટ હારી નંદનો લાલો;
તેને સેવોરે ભાવે, સેહેજે ચાર પદારથ આવે; સમ ૩૨

ગરબી-૨-જી

સમરો સર્વેરે રણછોડ, ભજતાં પુરે મનના કોડ;
સર્વે સંકટરે કાપે, અવિચળ પદવી હરજી આપે; સમ ૧
પ્રગટ પ્રભુ તોરે તેછે, અકળ સ્વરૂપી આપે એછે;
સહેજે શંકટરે ફેડે, પ્રેમ લહીને પાસે તેડે; સમ ૨
કહું કળજુગનીરે પેર, જે માવાયે કીધી મેહેર;
બ્રાહ્મણ દુઃખિયોરે જાણી, પ્રેમે વહાલે ઝાલ્યો પાણી; સમ ૩
તેની કહું છું રે વાત, સુણતાં ટળશે દુઃખની જાત;
સુખડાં સઘળાંરે થાશે, પ્રીતી પ્રભુજી ઉપર જાસે; સમ ૪
પિતા મીત્યમરે પુરાણી, માતા જેની રૂક્ષમાણી;
તન ત્રીભોવનરે તેનો, જનમ દીવસ સુભ કહાવે જનો; સમ ૫
ભગ્તી ભાવેરે કરતો, ધ્યાન ધણીનુ ધરથી ધરતો;

જન્મ ચરીત્રરે તેનાં, કહુંશુ વીતક તેની રહનાં; સમ ૬
આસો માસેરે રવિવારે, પુન્યમ પુન્યકારી હુતી ત્યારે;
જન્મ થયોરે મધ્યાને, રૂપમાં દેવ મુકે ત્યાં માને; સમ ૭
મહિના છનોરે થયો, દિન દિન વેગે વધતો ગયો;
માતા પામીરે મરણ, પુત્ર પડયો પિતાને શર્ણ; સમ ૮
વરસ પાંચનોરે થયો, ડાપણ માંહે ન જાયે કહ્યો;
તાતને આવ્યોરે તાવ, અકળિત ઈશ્વરનો બનાવ; સમ ૯
રમવા બાળકરે ગયો, કાળે પિતા પ્રિતમને ગ્રહ્યો;
મૃત્યુ પિતારે પામ્યા, દુઃખના ડુંગર આવી જામ્યા; સમ ૧૦
બાળ ન સમજેરે કાંઇ, લાવ્યા લોક પિતા છે ત્યાંહી;
પિતાને પોઢયારે ન્યાળી, બોલ્યો બાળક ત્યાં સંભાળી; સમ ૧૧
બાપા ખાવાનુરે લાવો, લાગી ભુખ મને નવરાવો;
એવી સુણીરે વાંણી, લોકે નેત્રે ભરિયા પાણી; સમ ૧૨
બાગા મળીરે બે ચાર, લીધો ખોળા મધ્યે બાળ;
શીર કર મુકી પાલવ ઢાંકે, પ્રભુએ બાળક કીધો રાંક સમ ૧૩
ઉત્તર ક્રીયારે જેહ, પૈસા વીન નવ થાય તેહ;
લોકે જનોઇરે દીધી, ક્રીયા બાપતણી ત્યાં કીધી; સમ ૧૪
સગું વહાલુરે નહીં કોઇ, બાળક રહેછે રોઈ રોઈ;
પીત્રાઈ મામીરે એક, તેણે પાસે રાખ્યો છેક; સમ ૧૫
કોઇ કહેરે સુતને આમ, ભાઇ કયાં ગયો તુજ બાપ;

ગામ ગયા હેતું તે ભાખે, દડ દડ આંખે આંસુ નાખે   સમ ૬૧
મારા બાપાને બોલાવે, મારે માટે ટોપી લાવે;
એવા કાલારે બોલ. સુંણતાં દુઃખમાં મનડાં ડોલે;   સમ ૧૭
જેતે પાસેરે જાયે, એકજ પદ પ્રભુનું ગાયે;
રણછોડ જે જે રણછોડ, સર્વે બોલો એ રણછોડ;   સમ ૧૮
પુરે પુરણ મનના કોડ, માટે સમરો એ રણછોડ;
બીજું કાંઈ વસે નહીં પાસે, રણછોડ બોલે ને વળી નાચે;   સમ ૧૯
વરસ દશનોરે થયો, ગુરૂની પાસે ભણવા ગયો;
ભણતાં ભાખ્યુંરે એહ, સાચો સામળીયાનો સ્નેહ;   સમ ૨૦
ભીક્ષા વરતીરે કરતો, જ્યાં ત્યાં કીરતન ગાતો ફરતો;
પ્રભુ સુ લાગીરે તાળી, વશિયા વદને શ્રી વનમાળી;   સમ ૨૧
બીજું કાંઈરે નવ બોલે, પ્રભુના પ્રેમે મગન થઈ ડોલે;
વય જ્યાં વીશેરે ગઈ, લગની લાલ સંઘાથે થઈ;   સમ ૨૨
આવી એવેરે સગાઈ, પરણે પણ નહીં પાસે પાઈ;
લોકે ધારયારે હામ, જ્યાં ત્યાં રહે પિતાનું નામ;   સમ ૨૩
પરણ્યા સુંદરરે નારી, ભગત થયા ભલા ઘરબારી;
પણ નહીં રળવાની વાત, મુખડે એક વસ્યા જગતાત;   સમ ૨૪
વ્યાજ વધ્યાંને થઈ ઉઘરાણી, ભગત ક્યાંથી આપે આંણી;
બોલ્યા દેશે જુગ જીવન, લીધુ તેવું આપીશ ધન;   સમ ૨૫
બોલ્યું પ્રભુએ સમજી લીધું ગાંઠે વચન બાંદી લીધું;

આગળ શી થઈરે પેર, સુંણતાં થાયે લીલા લહેર; સમ ૨૬
પુત્ર પ્રગટયોરે એક, બાળકમાં ઝાઝો વિવેક;
વીથા ભણિયોરે કોડ, સમજાણ માંહે શ્રી રણછોડ સમ ૨૭
સગાઇ કોઇની ત્યાં નાવે, પૈસા વિના ક્યાં પરણાવે;
પતિન ભક્તની પત્તાય, ધન વિણજીવ્યું તે વૃથાય; સમ ૨૮
ગરિબ ગોવિંદે કીધાં, પુર્વે કાંઇ દાન નવ દીધાં;
કહીને ભરિયાં નેત્રે પાણી, બાઈ થઇ મનમાં ગભરાણી; સમ ૨૯
શિખ સ્વામીએરે કીધી, તેને ધારણ મનમાં દીધી;
ધર્યને મનમારે વિસવાસ, શું અજાણ્યો એ અવીનાસ સમ ૩૦
આપે કીડીનેરે કણ, જેને ગજને મારે અમ;
જેને જેટલું રે જોઇએ, ફેર પાડી શકે નહીં કોઇએ; સમ ૩૧
તો પછી ચીંતારે શાની, પ્રભુ ભજને જાનીમાની;
શીખ સામાનેરે દીધી, રસોઇ ઘરમાં ત્યારી કીધી; સમ ૩૨
જમવા બેસેરે જેવે, પરોણા આવ્યા બે જણ તેવે;
બેસાડયાછે આસન આપી, મનમાં ભોજન બીક તથાપી; સમ ૩૩
ઘરમાં નથીરે અન્ન, શું જમાડું જુગ જીવન્ન;
નર નારીએ વાત વિચારી, રહેવાદો બે જણની થાળી; સમ ૩૪
આવ્યા તેનેરે જમાડો, આપણ ભુખ્યાં દિવસ કહાડો;
કાલે જમશુ રે અન્ન, સમરો સ્નેહે જુગ જીવન; સમ ૩૫
બન્ને ઉઠયાંરે જાણી, આપ્યું પરોણાને પાણી;

જમવા ચાલોરે આવાર, ઘરમાં ભોજન છે તૈયાર; સમ ૩૬
એજાણ બોલ્યા લાગી પાય, હમથી અહિયાં નવ ખવાય;
કારણ કરવીરે સગાઈ, મારી દિકરી લાડકવાઈ; સમ ૩૭
માટે ચાલો આણીવાર, લખતને લગન નિરધાર;
સુણતાં સજ થઈરેગયા, વીવા કુંવરજીના થયા; સમ ૩૮
પરણ્યાછે સુતને જેવે, નર નારી હરખાયા હેવે;
ગામે વાતોરે થાયે, નર નારી મનમાં હરખાયે; સમ ૩૯
સોંપી કુંવરનેરે ધામ, ભકતે ધરી રળવાની હામ;
આઠે દિવસે અભ્યાસ, આવે રણછોડજીની પાસે; સમ ૪૦
લોકે જાણ્યુંરે જ્યારે, પૈ નહીં આપે કર મોઝારે;
ખાતાં ખોટાંરે થાશે, લેહેણાં જરૂરે ઘલાસે; સમ ૪૧
અરજીઓ કીધીરે તેવારે સિપાઈ છુટયા થઈ તૈયારે
કાસીરામ વલેશી થાશે, દેવાં કયાંથી તે અપાશે; સમ ૪૨

રાગ છેપરનો ગરબો ૩

સીપાઈ આવ્યારે જેવારે, જપતી ભગત કેરે દ્વારે'
લોકો મળીયારે ઝાઝા, ગઈ ભગત તણી ત્યાં માઝા;
પ્રભુ પત્ય રાખેરે ત્યાંહી. પ્રભુ ૧
દિકરોને દિકરાની નાર, બેસાડયાં તે ઘરની બહાર;
સ્રી ભગતનીરે જેહ, ઘરથી કહાડી બારણે તેહ; પ્રભુ ૨
ગયા ઘરમાં લેણાવાળા, માલે મળી બે ચારેક માળા;

ક્રોધજી દેખી હરખ્યું મન્ન, જોતાંમાં ગોપીચંદન; પ્રભુ ૩
ખાવા પીવા માટે અન્ન, ક્યાંથી ભક્ત તણે ભોવન;
વાસણ મળીયાંરે દસ બાર, તેને શું કરે સરકાર; પ્રભુ ૪
ઘર વેચાવારે કાહાડયું, તો તે રહે ભરીને ભાડું;
માગતા વાળારે વીચારે, આ મળશે પેલે અવતારે; પ્રભુ ૫
ભગત ડકોરેથી આવ્યા, વાત કહીને ગભરાવ્યા;
બીજે દિવસરે જ્યારે, તેડાવ્યા પોતે સરકારે; પ્રભુ ૬
કબજે કીધારે જેવે, સ્નેહી રોવા લાગ્યા તેવે;
દ્વેષી ખુશીરે થાય, હવે ક્યાં ગયો રણછોડરાય; પ્રભુ ૭
કહ્યું ના કોઈનું રે કરતો, આઠે દશે ડાકોર મરતો;
લોકો બોલે કાંઇનું કાંઈ, ખાધી રાંડાએ કમાઈ; પ્રભુ ૮
પાખંડના ફળ તેને મળે, પામે તેવું જેવું રળે;
હવે તું ડાકોરયરે જાજે, રાખી રાંડો ભેગો થાજે; પ્રભુ ૯
વ્હાલાં વેરી થઇને બોલે, સુણી સ્ત્રી પુત્ર મન ડોલે;
ઉત્તર કોઇનેરે ના આપે, જે કર્યું છે તે રણછોડ બાપે; પ્રભુ ૧૦
હરિજન કહેવું હોચ તે કહેજો, હમારૂં ચીત્ત હરીમાં રહેજો;
દીવસ બીજોરે થયો, તે પણ એળે આથમી ગયો; પ્રભુ ૧૧
પ્રભુજી પધારે તેવે, વહારે વાલ્યમ વૃજનો એવે;
રૂપ ભગતાણીનું લીધું દેવું દેવા મનકું કીધું; પ્રભુ ૧૨
રાત્ય ગઇછેરે પોહોર, નારી થયા શ્રી ઠાકોર;
રૂપિયા લીધા ખોળામાંહી, ચાલ્યા કોઈ કળે ન ત્યાંહી પ્રભુ ૧૩
દેવાં પતવ્યાંરે દયાળે, રણ છોડાવ્યું રે છોગાળે;
કોરા કડ કડતા મહી કહાવે, કેટલા કાટ ભરેલા આવે; પ્રભુ ૧૪
જાણે ભુમીમાંથી કહાડયા, હેવા રૂપિયા ત્યાં દેખાડયા;

લોકો કહેરે વાત, આવી શીદ કરજેતી ખાત; પ્રભુ ૧૫
પેહલા દેતેરે દામ, શાને થાતું આ બદ નામ;
નારી કહેછેરે ત્યારે, બોલો નહીં ભાઈ અત્યારે; પ્રભુ ૧૬
પોહોંચ્યા આપોરે હમને, ભગત છોડાવો કહુ છું તમને;
ખતવળાવ્યાંરે કોડ, રણ મુકાવ્યાં એ રણછોડે; પ્રભુ ૧૭
પોહોંચ્યો લઈરે પાતળીયા, જઈને ભગતાણીને મળીયા;
રૂપ કુંવરનું રે લઈ, પોહોંચ્યા પેલી આપી દઈ; પ્રભુ ૧૮
બોલ્યા માતા કાગળ લેજો, જીવથી ઝાઝા જાળવી રહેજો;
સુખ સૌ એથીરેથાશે, પિતા મારોરે મુકાશે; પ્રભુ ૧૯
એમ કહીનરે ખશિયા, પોતે ઠાકોર આવી વશિયા;
પોંહોચ્યા પોતેરે શામળિયો' પ્રાણજીવન ધનએ પાતળિયો પ્રભુ ૨૦
વહાણું વહાયું રે જેવે, દશ વાગ્યે કચેરી તેવે;
દાવા દારોરે ગયા, દાવા રદ કરવાને થયા; પ્રભુ ૨૧
હમારા પૈસારે આવ્યા, કહીને ભકતને છોડાવ્યા;
ભકત બોલ્યારે વાણી, ગદ ગદ કંઠે નેત્રે પાણી પ્રભુ ૨૨
રળતાં આપીશરે દામ, મને ન મુકાવો હરી નામ;
કાલે નોકરરે રહીશ, જે મળશે તે તમને દઈશ; પ્રભુ ૨૩
સુણી સરવેરે સમજાવ્યા, રૂપીયા ભકત તમારા આવ્યા;
કાલે રાતેરેલ્યો જાણી, ભરી ગયાછે ભકતાણી; પ્રભુ ૨૪
ખત વળાવ્યાંરે જેહેવે, દાવા માંડી વાળ્યા એવે;
વીચાર ભગતેરે કીધા, સોના રૂપિયા કઢાડી દીધા; પ્રભુ ૨૫
દેવાં સોનારે કરીયાં, જેણે જુનાં દેવાં ભરિયાં;
આવ્યા પોતાનેરે દ્વારે, પછે લાગ્યા કુંવરને નારે; પ્રભુ ૨૬
બોલ્યા ભગત શીશ નમાવી, રૂપીયા સોના કહાડી લાવી;

દેવાં જુનાંરે આપ્યાં, દુઃખડાં તેં તો મારાં કાપ્યાં; પ્રભુ ૨૭
સુણી વાણીરે સર્વથી, કહે હું કાંઈ જાણતી નથી;
શાના રૂપીયાને સી વાત, એ શું બોલ્યા મારા નાથ; પ્રભુ ૨૮
વાતો થાયેરે જેવે, વાણીક આંગણ આવ્યો એવે;
રૂપીયા આદીરે કરમાંહી, મેહેલી કહે ભક્તને ત્યાંહી; પ્રભુ ૨૯
વધારે આવ્યારે એહ, જોઈએ નહીં હમારે તેહ;
સમજ્યાં ભગતરે મન્ન, રૂપી થઈ ગયા જુગજીવંન; પ્રભુ ૩૦
પત્નિ બોલ્યાંરે તેને, પેલા કાગળ લાવો એવે.
કાગળ કુંવરરેલાવ્યો, તે વાંચી મુજને સમજાવો પ્રભુ ૩૧
લીધા કાગળ કરમોઝાર, વાંચી તો પોહોચ્યા નીરધાર.
પુછી પુત્રનેરે વાત, કાગળ કયાંથી લાવ્યોભ્રાત. પ્રભુ ૩૨
સુત કહેછેરે સર્વથી, હું તો કાંઈ જાણતો નથી.
હરીપર આવ્યોરે વીસવાસ, કામ કર્યું એ અવિનાશે. પ્રભુ ૩૩
સુણો સર્વેરે નરને નાર, પરગટ કળજુગ મોઝાર.
ભજતાં ભાવ ઠરે ભાગે, સંકટ કાપે જાગો જાગે. પ્રભુ ૩૪
ભગત વચ્છળરે છોગાંળો, તેને નેણ ભરી નીહાળો.
કાશીરામ પુરે એ કોડ, રૂપાળો રસીયો રણછોડ, પ્રભુ ૩૫

ગરબો ૪

રાગ ઉપરનો.

રણ છોડાવ્યું રે રણછોડ, તેને ભજો પુરે મન કોડ.
દેવ દયાળુરે એ મ્હોટો, ભજતાં કાંઈ ન આવે ટોટો રણ ૧
સમરથ સૌથીરે કહાવે, કોઈ નવ તેહ બરોબર આવે.
કીધાં કોટી ભગતના કામ, છાનાં નથીરે તે નામ. રણ ૨
કળીએ પુરણ કરૂણા કીધી, તુળશી બોડાણાની લીધી.

હરખી આવ્યારે ડાકોરે, ઠીક ઠામે ઠર્યા ઠાકોર. રણ ૩
કારજ કંઇક નારે કીધાં, સરણાં છબીલાજીએ દીધાં.
દુઃખિયા સુખિયારે થયા, સ્નેહે સામને શરણે ગયા. રણ ૪
હીન્દુની હદ રાખણ હાર, નટવર નોધારા આધાર.
પ્રતાપ પુરણરે જેનો, જસ છે અગમ નીગમે એનો. રણ ૫
સુરજ ભુતળનોરે ભારે, તેને નીરખો નરને નારે.
માણસ દેહેરે તે મળશે, ભજતાં ભવના ફેરા ટળશે. રણ ૬
હું અજ્ઞાનીરે આજ, રાખી લેજ્યો રસિયા લાજ.
મતી ખોટી ખેંચી લેજો, ગતી તમ ગુણ ગાવા દેજો. રણ ૭
બ્રાહ્મણ જાતીરે હું રંક, ક્ષમા કરજો મારો વાંક.
ત્રીપાઠી મેવાડા માંહીં, જોશીથી ઓળખાવું ત્યાંહી. રણ ૮
સીવ છે મારી રેમાત, દેવરામ કહાવે તાત.
બાળક બુધ્ધીરે કાહાવું, જ્યાં ત્યાં પેટને કાજે જાવું. રણ ૯
નામે કાશીરેરામ, રહું છું મામા કેરે ધામ.
પેથાપુર તે ગામ કહાવે, ભણાવ્યો મામાએ ભાવે. રણ ૧૦
ભુદર નામ ભલું અભીધાન, દીધુ રે વિદ્યાનું જ્ઞાન.
પુરે મુજ મન કેરા કોડ, એતો છોગાળો રણછોડ. રણ ૧૧
ભાવે ભજશેરે જન જેહ, ધરશે નારાયણ પર નેહ
પાતીક સઘળાંરે પળાશે, સહેજે વૈકુંઠ વાસી થાશે. રણ ૧૨
ઠાકોર ડાકોરરે વાળો, ભગત વચ્છળ એ લટકાળો.
તેને ભજરે કાશીરામ, ઘડીમાં સેહેજે કરશે કામ. રણ ૧૩
ઓગણિસેં અડતાળી સાલે, ગરબો ગાયો પુરણ વાહાલે.
ભાદરવા વદ છઠને દીન, પુરં, કરી રહ્યા વર્ણન રણ ૧૪

સમાપ્ત

જાહેર ખબર.

નીતિ બોધક.

માસિક ચોપાનિયું.

વરસ એકનું લવાજમ રૂ ૦-૮-૦ પોસ્ટેજ સાથે.

શેહેર વાળા પાસે રૂ૦-૫-૦

નવેમ્બર માસની ૧ લી તારીખે બાહાર પડશે.

તેથી જલદી નામ નોંધાવો નીચેને સરનામે

" ધી રાઇઝીંગ સ્ટાર " પ્રીન્ટીંગ પ્રેસ, ના મેનેજર

(સને ૧૮૯૨) સુરત બાલા મંદીર પાસે.